## રીઢા ઘરફોડ આરોપીઓને ચોરીના લેપટોપ અને ઘરફોડ સાધનો આઈ-૨૦ કાર સહીત કુલ `. ૨,૨૫.૧૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી, સુરત શહેર, ક્રાઈમ બ્રાન્ચ.

સુરત શહેર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અલગ-અલગ કોર્મશીયલ ઈમારતોમાં આવેલ ઓફિસોમાં પ્રવેશીને ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા અંગે ક્રાઈમ બ્રાંચના પો.સ.ઈ. સી.એચ. પનારાનાઓ પોલીસ માણસોની ટીમ સાથે નાઈટ કોમ્બીંગ નાઈટ પેટ્રોલીગમાં હતા દરમ્યાન **HC** હરીસિંહ વિરસંગભાઈ તથા **HC** હરપાલસિંહ જશુભાનાઓને મળેલ બાતમી આધારે હકિકત મળેલ કે અગાઉ એકાદ વર્ષ પહેલા ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ આરોપી વૈભવ સાકરીયા તથા રાહુલ ઠાકોર નામના ઈસમો હાલમાં એક લાલ કલરની આઈ-૨૦ કાર નંબર-**GJ-05-CP-2853** લઈને દિવસ દરમ્યાન મોલ/કોમ્પલેક્ષ/બિલ્ડીંગ જેવી કોમર્શીયલ ઈમારતોમાં બિલ્ડર/ફાયનાન્સર /સી.એ/વકીલની ઓફિસો આગળ રેકી કરી રાત્રે તે ઓફિસોને ટાર્ગેટ કરી તેમાંથી રોકડા રૂપિયાની ચોરી કરે છે. અને આજરોજ પણ તેઓ ચોરેલા લેપટોપ સાથે આઈ-૨૦ ફોર વ્હીલ કાર લઈને સુરત શહેરમાં સરથાણા વિસ્તારમાં રેકી કરવા માટે ફરી રહ્યા છે, જે બાતમી હકિકત આધારે પો.સ.ઈ.તથા ટીમના માણસો સાથે તુરંતજ બાતમીના સ્થળે પહોંચી જઈ બાતમી મુજબની આઈ-૨૦ કારને સીમાડા નહેર પાસેથી પકડી પાડી આરોપીઓ (૧) વૈભવ ઉર્ફે જાડીયો ઉમેદભાઈ સાકરીયા ઉ.વ.૩૦ રહે-ઘર નં.૨૭, અવસર બંગ્લોઝ કેનાલ રોડ કામરેજ, સુરત (૨) રાહુલ સોમાભાઈ ઠાકોર ઉ.વ.૨૫ રહે. લક્ષ્મણ નગર સરકારી સ્કુલ પાસે પાણીની ટાંકી ચીકુ વાડી, સુરત શહેર જુદી-જુદી કંપનીના ચાર લેપટોપ `.૧૫,000/-તથા આઈ-૨૦ કારના `.૧,૧૦,000/- તથા પચીસ પાનું (વાંદરી પાનુ) અને ડીશમીશ (પેચ્યુ) ના `.૧૦૦/- મળી કુલ્લે `.૨,૨૫,૧૦૦/- નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી ખટોદરા પો.સ્ટે I ગુ.ર.નં-૪૮૦/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.